નોખું-અનોખું જ્વલંત છાયા (રાજકોટ)

# હું છું વાર્તા રે વાર્તા કહેનારો...

વાતવાતમાં બાળકોને વાર્તા કહેવાનો વિચાર આવ્યો ને અનાયાસ સોશિયલ મિડિયામાં એ વાર્તાઓ વાઈરલ થવા લાગી...





દીકપાલસિંહ જાડેજા

ગુજરાતી ભાષામાં બાળવાર્તાનો મોટો ખજાનો છે, પણ હવે એ વાંચનારો વર્ગ ઘટી રહ્યો છે. *મિયા ફૂસકી* અને *છકો-મકો*નું સ્થાન હવે *ડોરેમોન* અને *છોટા ભીમે* લઈ લીધું. એ તો ઠીક, પણ બાળક કદાચ એય જોવાના બદલે હવે મોબાઈલ ફોનની ગેમમાં અટવાઈ ગયું છે. આ સ્થિતિમાં એક યુવાન અધ્યાપકે બાળવાર્તાને વૈશ્વિક બનાવવાનું બીડું ઝડપ્યું છે. જે સોશિયલ મિડિયાને લોકો બાળકના ભવિષ્ય માટે પડકાર ગણાવે છે એનો ઉપયોગ કરીને એમણે આપણી જાણીતી-નવી વાર્તા ફેલાવી દીધી છે.

*મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી*માં ગુજરાતીના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કામ કરતા **દીકપાલસિંહ જાડેજા** પોતાની આ પ્રવૃત્તિ અંગે *ચિત્રલેખા*ને કહે છે કે બેથી દસ વર્ષનાં બાળકો વિભક્ત કુટુંબનો ભોગ બની રહ્યાં છે. એમાં વળી ઓછું હોય એમ આ મોબાઈલ, ટીવી, વગેરેનાં આક્રમણથી એમને વાર્તા સંભળાવનારું કોઈ રહ્યું નથી અને આવા વિચારોને કારણે *બાળકો માટે કંઈક કરવું તો છે* એવી ગડમથલ ચાલી રહી હતી. એવામાં એક દિવસ ભાવનગરની *સર પી.પી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ કૉલેજ*ના વડીલ પ્રોફેસર **આશિષ શુક્લે** ઘણી ઊંચી કક્ષાનું એક રેકૉર્ડર ગિફ્ટ કર્યું. બરાબર આ જ દિવસોમાં *પંચતંત્ર* વાંચી રહ્યો હતો. વળી, ફેબ્રુઆરી, ૨૦૧૮માં *સૌરાષ્ટ્ર યુનિવર્સિટી*માં એક મહિનાની ઑરિયેન્ટેશન ટ્રેનિંગ લઈ રહ્યો હતો. સાથે હતું આ રેકૉર્ડર. એક વખત શું ઝબકારો થયો તે એમ જ આ રેકૉર્ડરમાં એક બાળવાર્તા રેકૉર્ડ કરી. પહેલી વાર્તા રેકૉર્ડ કરી ત્યારે પહેલું જ વાક્ય મુખમાં આવ્યું: *હું છું વાર્તા કહેનારો...* આ પહેલી વાર્તા એવા કેટલાક મિત્રો, વડીલોને મોકલી, જેમને કંઈક નવું કરવામાં વિશેષ રસ હોય.

જેમને વાર્તા મોકલી હતી એ લોકોના ફોન કૉલ્સ આવવા લાગ્યા કે *અમારાં બાળકો તો ખરાં જ, પણ અમે જેમને જેમને આગળ ફૉરવર્ડ કરીએ છીએ એ લોકોનાં બાળકોને વાર્તા સાંભળવાની આદત થઈ રહી છે... હું છું વાર્તા કહેનારો* દ્વારા *વ્હૉટ્સઍપ, ટેલિગ્રામ* જેવાં સોશિયલ મિડિયા નેટવર્કના માધ્યમથી રોજ ચાર હજાર ઘરે વાર્તા પહોંચે છે. આજ સુધીમાં ગુજરાતી ભાષામાં કહેવામાં આવેલી ૧૨૫ જેટલી બાળવાર્તાઓ વાઈરલ થઈ છે. દરરોજની બાળવાર્તા મોકલવાનો સમય ભારતીય સમય પ્રમાણે સાંજે સાતથી નવ સુધીનો રાખ્યો છે. કેટલાક અનાથ આશ્રમોમાં પણ આ વાર્તા બાળકો દરરોજ સાંભળી રહ્યાં છે.

વાર્તાનો એક નિયમિત બાળશ્રોતા તો સેરેબ્રલ પાલ્સીનો દરદી છે. એનાં મમ્મીએ કહ્યું: *તમે મારા બાળકને આનંદ આપો છો. તમારી વાર્તા એના માટે સારવાર સાબિત થઈ રહી છે...* એક દિવસ આ બાળકનો જન્મદિવસ હતો ત્યારે એને સરપ્રાઈઝ આપવા માટે એ બાળકને પાત્ર બનાવીને જ એક વાર્તા બનાવી અને એમ બાળકો સુધી વહેંચીને વાઈરલ કરી. દરેક બાળવાર્તાનો ઑડિયો ૧૨ મિનિટથી વધુ સમયનો હોતો નથી.

અત્યાર સુધીની ૧૦૧ ગુજરાતીમાં રજૂ કરવામાં આવેલી બાળવાર્તા ઑડિયો બ્લોગ અને *ગૂગલ* સાઈટ પર ઉપલબ્ધ કરી.

બ્લોગ તથા સાઈટ લિન્ક :

બ્લોગ: https://gujaratistorytellingforchildren.blogspot.com/

સાઈટ: https://sites.google.com/view/iamastorytellergujarati/